જગમાં સહુ સુખિયા હોજો, સાજા રહો સદાય, ભલું હોજો સહુ કોઈનું, દુઃખ થજો ન જરાય....

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૧૨૦ |
| અમદાવાદ | ૧૬૪ |
| ગાંધીનગર | ૨૯ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૫૮ | ૧૭ ઓગસ્ટ, ૨૦૨૦, સોમવાર; શ્રાવણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારત ટૂંક સમયમાં ત્રણ વેક્સિન જાહેર કરશે : મોદી

**૭૪મા સ્વાતંત્ર્ય દિવસે વડાપ્રધાને લાલ કિલ્લા પર ૭મી વખત રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો : મેક ઈન ઈન્ડિયા સાથે મેક ફોર વર્લ્ડ"નું સૂત્ર સાકાર કરો, દેશ સામ પડકારો હશે પણ ૧૩૦ કરોડ દેશવાસીઓ જ તેના ઉપાય છે, 'આત્મનિર્ભર ભારત' ફક્ત એક શબ્દ નથી, સંકલ્પ બની ગયો છે, સ્વતંત્ર ભારતની માનસિકતા વોકલ ફોર લોકલ હોવી જોઈએ**

નવી દિલ્હી,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૭૪માં સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા પરથી ભાષણ દરમિયાન ૧૦ મોટી જાહેરાતો કરી હતી. તેમણે તાત્કાલિક અસરથી દરેક ભારતીયને આરોગ્ય કાર્ડ પૂરા પાડતી રાષ્ટ્રીય ડિજિટલ હેલ્થ મિશન જેવી મોટી યોજના શરૂ કરવાની જાહેરાત કરી છે. વડાપ્રધાન મોદીએ દેશમાં નવી સાયબર સિક્યુરિટી પોલિસી લાવવા વિશે પણ જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ બહુ રાહ જોવાતી કોરોના રસી અંગે ચર્ચા કરતા કહ્યું કે એક નહીં ત્રણ-ત્રણ રસીઓ પર કામ ચાલી રહ્યું છે. લાલ કિલ્લા પરથી સવારે સાતથી નવ વાગ્યા સુધી દોઢ કલાકના ભાષણમાં વડાપ્રધાન મોદીએ ૧૦ મોટી જાહેરાતો કરી છે ? વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેશનલ ડિજિટલ હેલ્થ મિશન સાથે પ્રથમ મોટી જાહેરાત કરી. તેમણે કહ્યું કે, આજથી દેશમાં બીજુ મોટું અભિયાન શરૂ થવા જઈ રહ્યું છે. આ નેશનલ ડિજિટલ હેલ્થ મિશન છે. જેમાં દરેક ભારતીયને આરોગ્ય કાર્ડ મળશે. તમારા દરેક ટેસ્ટ, દરેક રોગ, કયા ડોકટરે તમને કઈ દવા આપી, ક્યારે આપી, તમારા રિપોર્ટ, આ બધી માહિતી આ એક હેલ્થ કાર્ડમાં સમાવવામાં આવશે. આ યોજના ભારતના આરોગ્ય ક્ષેત્રે નવી ક્રાંતિ લાવશે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે દેશમાં નવી રાષ્ટ્રીય સાયબર સુરક્ષા વ્યૂહરચના બનાવવામાં આવી છે. ભારત આ સંદર્ભમાં સજાગ છે, સાવધ છે અને આવા જોખમનો સામનો કરવા નિર્ણયો લઈ રહ્યું છે અને સતત નવી સિસ્ટમો વિકસાવી રહ્યું છે. આગામી સમયમાં નવી સાયબર સિક્યુરિટી પોલિસી લાવવામાં આવશે. વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી ભાષણ દરમિયાન દેશને કહ્યું કે આજે કોરાના વાયરસની ત્રણ રસી પરીક્ષણના તબક્કે છે. તેમણે કહ્યું કે વૈજ્ઞાનિકો પાસેથી ગ્રીન સિગ્નલ મળતાંની સાથે જ દેશમાં તે રસીઓના મોટાપાયે ઉત્પાદન માટેની પણ તૈયારી ચાલી રહી છે. વડાપ્રધાન મોદીએ નેશનલ કેડેડ કોરના વિસ્તરણની જાહેરાત કરી હતી. તેમણે દેશને કહ્યું કે હવે એનસીસીના વિસ્તરણને દેશના ૧૭૩ સરહદો અને દરિયાકાંઠાના જિલ્લાઓમાં સુનિશ્ચિત કરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત લગભગ ૧ લાખ નવા એનસીસી

● અનુસંધાન પાન-૭ પર



- પીએમનો હુંકાર :'જેમણે પણ આંખ ઉઠાવી, સૈનિકોએ તેમને વળતો જવાબ આપ્યો'
- સ્વતંત્રતા દિવસ પર પીએમએ કરી રાષ્ટ્રીય ડિજિટલ સ્વાસ્થ્ય મિશનની શરૂઆત
- મોદીએ રાષ્ટ્રીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન યોજનાની કરી જાહેરાત
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં ૧૦૦ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવશે
- ૧૦૦૦ દિવસમાં દરેક ગામને ઓપ્ટિકલ ફાઇબરથી જોડવામાં આવશે
- નવી સાયબર સિક્યુરિટી સિસ્ટમ લવાશે

## અમારા જવાનો શું કરી શકે છે તે લદ્દાખમાં દુનિયાએ જોઈ લીધું છે : મોદી

### લાલકિલ્લા પરથી વડાપ્રધાનની પાક-ચીનને ખૂલ્લેઆમ ચેતવણી

ન્યુ દિલ્હી,તા.૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસના અવસરે ઐતિહાસિક લાલ કિલ્લા પરથી ચીન અને પાકિસ્તાનના વિસ્તારવાદ તથા આતંકવાદ પર જોરદાર પ્રહાર કર્યા. પ્રધાનમંત્રીએ ચીન અને પાકિસ્તાનનું નામ લીધા વિના કહ્યું કે, આતંકવાદ હોય કે વિસ્તારવાદ ભારત આજે તેનો સામનો કરી રહ્યું છે. અમારા જવાનો શું કરી શકે છે, તે લદાખમાં દુનિયાએ જોઈ લીધું છે. પીએમ મોદીએ કહ્યું કે, જેણે પણ પડકાર આપ્યો, તેને તેની જ ભાષામાં જવાબ અપાયો.

ચીન અને પાકિસ્તાન સાથેના તણાવ વચ્ચે પ્રધાનમંત્રીએ કહ્યું, ભારતની સંપ્રભુતાનું સન્માન અમારા માટે સર્વોચ્ચ છે. અમારા જવાન શું કરી શકે છે તે લદાખમાં દુનિયાએ જોઈ લીધું છે. LOCથી લઈને LAC સુધી, દેશની સંપ્રભુતા પર જે કોઈએ પણ આંખ ઉઠાવી છે, દેશે, દેશની સેનાએ તેમને તે જ ભાષામાં જવાબ આપ્યો છે. હું આજે માતૃભૂમિ પર ન્યોછાવર તે તમામ જવાનોને નમન કરું છું. આજે દુનિયાનો ભારત પર વિશ્વાસ મજબૂત થયો છે. તેમણે કહ્યું કે, '૧૯૨માંથી ૧૮૪એ ભારતને સંયુક્ત રાષ્ટ્રમાં અસ્થાયી સદસ્યતા માટે સમર્થન કર્યું. વિશ્વમાં કેવી રીતે આપણે પહોંચ વધારી છે, આ તેનું ઉદાહરણ છે.

**નેશનલ ડિજિટલ હેલ્થ મિશન**

## સ્વાસ્થ્યને લગતી માહિતી એક આઈડી પરથી મળશે

સ્વતંત્રતા દિવસના અવસરે વડાપ્રધાન મોદીએ જાહેર કર્યુ કે દેશમા નેશનલ ડિજિટલ હેલ્થ મિશન લઈને આવશે. આ યોજના હેઠળ દરેક દેશવાસીઓને હેલ્થ આઈડી આપવામા આવશે. આ યોજના માટે આપવામા આવતા હેલ્થ કાર્ડમા દરેક નાગરિકના સ્વાસ્થ્યની સંપૂર્ણ જાણકારી આપવામા આવી.

**ડિજિટલ હેલ્થ મિશન**

દરેક નાગરિકના સ્વાસ્થ્ય, ડૉક્ટર વિશેની જાણકારી એક એપ કે વેબસાઈટના માધ્યમથી સંચાલન થશે પરંતુ નાગરિકના આ રેકોર્ડ તેના પૂરતા જ સીમિત હશે. જ્યારે એક વ્યક્તિ પોતાના રેકોર્ડ જ્યારે દેખાડવાની અનુમતી આપશે ત્યારે બીજી વ્યક્તિ કે ડૉક્ટર તેને જોઈ શકશે.

**નેશનલ ડિજિટલ હેલ્થ મિશનના ચાર સ્તંભ છે**

**હેલ્થ આઇડી**

દરેક નાગરિકને એક અલગ હેલ્થ આઈડી આપવામા આવશે અને વિકલ્પ આપવામા આવશે કે તેને આધાર સાથે જોડાણ કર્યુ કે નહીં. આ આઈડી રાજ્ય, હોસ્પિટલ, પેથાલોજીકલ લેબ અને ફાર્મા કંપનીઓમા મળશે. આ આઈડીમા સંપૂર્ણ રીતે સ્વતંત્ર રીતે કામ કરશે.

આઈડીમા નાગરિકે પોતાના આઈડીમા જે લખ્યુ હશે તે સીધી રીતે સરકારી કોમ્યુનિટી ક્લાઉડમા સ્ટોર થઈ જશે. આ ડેટા સુરક્ષિત કરવા માટે કરવામા આવશે. આ એક રીતે ડિજિ લોકરની રીતે કામ કરશે. જેમા બધા જરૂરી કાગળો ઈલેક્ટ્રોનિક ફોર્મેટમા જમા થશે.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૧૭૦૦૫૯૩ | ૭૭૦૫૨૩ | ૧૪૩૯૨૧૩૪ |
| ભારત | ૨૬૪૧૨૯૬ | ૫૦૯૬૯ | ૧૯૧૧૨૯૨ |
| ગુજરાત | ૭૮૭૮૩ | ૨૭૮૭ | ૬૧૫૯૬ |
| ગાંધીનગર | ૨૦૨૦ | ૧૧૧ | ૧૬૪૧ |

# દેશમાં કોરોનાના કેસ ૨૬ લાખ નજીક

**છેલ્લા ૨૪ કલાકમાં ૬૩૪૮૯ પોઝિટિવ કેસ : મૃત્યુઆંક ૫૦ હજારની નજીક : દુનિયામાં ૨૪ કલાકના દરે ભારતમાં સૌથી વધુ કોરોના કેસ નોંધાયા**

ન્યુ દિલ્હી,તા.૧૬

દેશમાં રોજેરોજ કોરોના ના કેસના વિસ્ફોટ જોવા મળી રહ્યાં છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૬૩,૪૮૯ નવા દર્દીઓ નોંધાયા છે. દેશમાં પ્રત્યેક મિનિટે ૪૪ કેસ સામે આવ્યા છે. આ સાથે જ દેશમાં કોવિડ-૧૯ના કુલ કેસનો આંકડો ૨૫,૮૯,૬૮૨ પર પહોંચ્યો છે. જેમાંથી ૬,૭૭,૪૪૪ દર્દીઓ સારવાર હેઠળ છે. જ્યારે ૧૮,૬૨,૨૫૮ લોકો સાજા થયા છે. જો કે આ બધા વચ્ચે એક સારા સમાચાર એ છે કે દેશમાં કોરોનાથી થતા મૃત્યુનો દર સતત ઘટી રહ્યો છે. હાલ મૃત્યુ દર ૧.૯૪ ટકા છે.

આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ એક જ દિવસમાં કોરોનાથી ૯૪૪ લોકોના જીવ ગયા છે. આ સાથે કોરાનાથી થયેલા મૃત્યુનો આંકડો ૪૯,૯૮૦ થયો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યા મુજબ દેશમાં અત્યાર સુધીમાં ૨,૯૩,૦૯,૭૦૩ સેમ્પલ ટેસ્ટ થયા છે. ગઈ કાલે ૧૫મી ઓગસ્ટના રોજ દેશમાં કુલ ૭,૪૬,૬૦૮ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યાં જેમાંથી ૬૩ હજાર જેટલા કેસ પોઝિટિવ આવ્યાં છે.

મંત્રાલયના જણાવ્યાં મુજબ દેશમાં ભલે કેસ વધી રહ્યાં છે પરંતુ મૃત્યુદર ઝડપથી ઘટી રહ્યો છે. જે હવે ૨ ટકાની અંદર ગયો છે. સારા સમાચાર એ છે કે વૈશ્વિક સ્તરે ભારતમાં કોરોનાથી મૃત્યુ દર સૌથી ઓછો છે. અમેરિકામાં છેલ્લા ૨૩ દિવસમાં ૫૦ હજાર જેટલા લોકોના મૃત્યુ થયાં. બ્રાઝિલમાં ૯૫ દિવસમાં ૫૦ હજાર લોકોના જીવ ગયા અને મેક્સિકોમાં ૧૪૧ દિવસમાં આ આંકડો ક્રોસ થયો. જ્યારે ભારતમાં ૧૫૬ દિવસમાં મૃત્યુઆંક ૫૦ હજારે પહોંચી રહ્યો છે. હાલ ભારતમાં મૃત્યુ દર ૧.૯૪ ટકા છે.

દિલ્હીમાં કોરોનાના દર્દીઓનો રિકવરી રેટ સૌથી વધુ ૮૯.૮૭ ટકા છે.

## છેલ્લે... છેલ્લે...

- જાણિતા ગાયક એસપી બાલાસુબ્રમણ્યમ ગંભીર
- રાજસ્થાન હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ઈન્દ્રજીત મહંતી કોરોના પોઝિટિવ
- અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નાના ભાઈ રોબર્ટ ટ્રમ્પનું નિધન
- ભૂજના ભાજપના ધારાસભ્ય નિમાબેન આચાર્યને કોરોના પોઝિટિવ

## પૂર્વ ક્રિકેટર-યુપીના મંત્રી ચેતન ચૌહાણનું નિધન

નવી દિલ્હી, તા. ૧૬

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ટેસ્ટ ઓપનર અને ઉત્તરપ્રદેશ સરકારમાં હોમગાર્ડ મંત્રી તરીકે ફરજરત ચેતન ચૌહાણનું રવિવારે અવસાન થયું છે. તેઓ છેલ્લા ત્રણ દિવસથી કોરોનાની બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા. રવિવારે દિલ્હીની મેદાંતા હોસ્પિટલમાં તેમણે આખરી શ્વાસ લીધા હતા. ડોકટરોના જણાવ્યા પ્રમાણે ચૌહાણનું અવસાન કાર્ડિયાક અરેસ્ટને કારણે થયું છે. ૭૩ વર્ષના ચૌહાણની તબિયત શનિવારે વધુ ખરાબ થઈ હતી. તેમને કિડની ફેઈલ થઈ ગઈ હતી



**છેલ્લા ઘણા સમયથી કોરોનાની સારવાર લઈ રહ્યા હતા**

અને તેમને લાઈપ સપોર્ટ સિસ્ટમ પર રાખવામાં આવ્યા હતા. જુલાઈ મહિનામાં ચૌહાણ કોરોના પોઝિટિવ હોવાનું તેમના રિપોર્ટમાં બહાર આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુપીના મુખ્યમંત્રી યોગી

● અનુસંધાન પાન-૭ પર

# ધોનીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી નિવૃત્તિ




**ધોનીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કારકિર્દી દરમિયાન તમારા પ્રેમ-સહકાર માટે આભાર : ઇન્સ્ટા પર નિવૃત્તિની જાહેરાત**

નવી દિલ્હી, તા.૧૬

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ સુકાની મહેન્દ્ર સિંહ ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. ધોનીએ સોશિયલ મીડિયા પર આ માહિતી આપી છે. ધોનીએ છેલ્લે ગત વર્ષે ઈંગ્લેન્ડમાં રમાયેલા વર્લ્ડ કપમાં પોતાની અંતિમ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. ધોની સેમિફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે રમ્યો હતો જેમાં ભારતનો પરાજય થયો હતો. ધોનીએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ મૂકીને પોતાની નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેણે ઈન્સ્ટાગ્રામ પર

● અનુસંધાન પાન-૭ પર

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat
INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP
ADMISSIONS OPEN 2020-21
School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication Power Systems | Environmental Engineering | Cyber Security
PHD
School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing DMLT | Sanitary Inspector
School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry Microbiology
Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style (international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma - Fashion | Interior Product Graphic & Animation | UX
M. Plan
School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.
SWARRNIM EASY FEE
0% Interest Education Loan
Scan to Apply Online ▶▶
Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970
100% Placement in Last 3 Years




## ॥ પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ ॥

જન્મ તા. ૦૬/૦૬/૧૯૬૫



સ્વ. તા. ૧૬/૦૮/૨૦૧૯

**સ્વ. શ્રી નરેન્દ્રસિંગ છાબડા**

(સ્થાપક : એસોસીએશન ફોર સોશ્યલ વેલફેર એન્ડ ડેવલોપમેન્ટ)

સંઘર્ષ તમે કર્યો, પુણ્ય અમને મળ્યું, કર્મ તમે કર્યું, ફળ અમને મળ્યું,
આપવું એ જ તમારા જીવનનો મહામંત્ર હતો, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે...

**શ્રીમતી પરમજીત કૌર છાબડા**

દિપાંશ નરેન્દ્રસિંગ છાબડા (પુત્ર) । એનિશા એન. છાબડા (પુત્રી)

તથા સમસ્ત પરિવાર